પ્રકરણ

૨

(ગુજરાતી લોકગીતની સંપાદનયાત્રા, દુહાનાં સંપાદનો અને અભ્યાસનાં પુસ્તકોનો પરિચય)

ગુજરાતી લોકગીતોનાં સંપાદનની જ્યારે વિગતે વાત કરવી હોય ત્યારે અભ્યાસની સરળતા ખાતર ત્રણ ભાગમાં વિભાજિત કરી શકીએ:

(૧) મેઘાણી પૂર્વેની સંપાદનયાત્રા

(૨) મેઘાણીની સંપાદનયાત્રા

(૩) મેઘાણી પછીની સંપાદનયાત્રા

(૧) મેઘાણી પૂર્વેની સંપાદનયાત્રાઃ

ગુજરાતી લોકસાહિત્યના સંપાદનનો પ્રારંભ કનુભાઈ જાની મગનલાલ વખતચંદકૃત કથનાવલીથી ગણાવે છે. એ પૂર્વે પરદેશી અભ્યાસીઓએ પોતાનો ફાળો આપ્યો હતો. જેમ્સ ફોબ્સ, ફાર્બસ એલેક્ઝાન્ડર કિન્લોક જેવા અંગેજી અભ્યાસીઓની ગુજરાતી લોકસાહિત્યના સંપાદનમાં નોંધ લેવી ઘટે. 'રાસમાળા'ના બે ભાગ અંગ્રેજીમાં પ્રકાશિત થયા ઈ.સ.૧૮૫૬માં અને એનો ગુજરાતી અનુવાદ થયો ઈ.સ.૧૮૬૯માં. એ પૂર્વે ગુજરાતી ભાષામાં જ પ્રગટ થયેલું સંપાદનનું પુસ્તક આપણે ઈ.સ.૧૮૫૧માં મગનલાલ વખતચંદકૃત કથનાવલીને ગણી શકીએ. એ દષ્ટિએ કનુભાઈ જાનીએ આપેલું આરંભદબિંદુ યોગ્ય જ છે. આ વાત થઈ ગુજરાતી લોકસાહિત્યના પ્રારંભબિંદુની.

આપણે ત્યાં લોકગીત સંપાદનનો વિધિવત્ આરંભ ઈ.સ.૧૮૫૧થી ઈ.સ.૧૮૬૦ના દાયકામાં શોરાબજી હોમનજી ચીકન વડે થાય છે. તેના ચારેક સંગ્રહો ધ્યાનાર્હ છે: (૧) રમૂજી ગરબાઓની ચોપડી (૧૮૫૮) (૨) રમૂજી ગરબાઓની નવી બીજી ચોપડી (૧૮૬૨) (૩) રમૂજી નવી ગરબાવળી (બીજી આવૃત્તિ ૧૮૮૭) અને (૪) હિંદુઓના રાશનાં ગાવાની ચોપડી અર્થાત્ પારસી સ્ત્રી ગરબા તથા લગ્નસરામાં બેઠાં બેઠાં ગાવાના સર્વે ગીતોનો સંગ્રહ (૧૮૯૪). આમાં રમૂજી ગરબાઓની ચોપડી ૬૬ પેજનું પુસ્તક છે. એમાં સાત ગરબા આપેલા છે. તે બધાને

લોકગીત કહી શકાય નહીં પરંતુ ત્રીજા અને ચોથા ગરબામાં એમણે લગ્નગીતો આપ્યાં છે. રમૂજી નવી ગરબાવલી ૧૧૨ પૃષ્ઠોમાં બાર રચનાઓ સંગ્રહાયેલી છે. પ્રથમ સંગ્રહમાં આપેલાં બધાં ગીતો એમાં ફરીથી સમાવી લેવાયાં છે. એ સિવાય બીજી કેટલીક નવી રચનાઓ પણ પ્રાપ્ત થાય છે. પારસી સ્ત્રી ગરબામાં લગ્ન તેમજ અન્ય અવસરમાં ગવાતાં ૧૨૫ ગીતો સંગ્રહાયેલાં છે. આમાંની ઘણી રચનાઓ મૌલિક છે. આમ, છતાં તેમાં લગ્નગીતો અને ગરબાઓ પણ છે. ચીકનજીએ આ બધા માટે ઘણી મહેનત કરી છે. ગરબો ગાવાની રીત વિશે તો વિગતે નોંધ પણ આપે છે.

કવિ નર્મદનું કામ આ ક્ષેત્રમાં એ સમયે પ્રશંસનીય ગણી શકાય. ઈ.સ. ૧૮૦૦માં તેમની પાસેથી 'નાગર સ્ત્રીઓમાં ગવાતાં ગીત' પુસ્તક પ્રાપ્ત થાય છે. તેનો પ્રવેશક ખૂબ જ અગત્યનો ગણી શકાય. ગીતોનો સંગ્રહ કરવાનો તેમને ક્યાંથી વિચાર પ્રાપ્ત થયો, ગીતોના સંપાદનમાં કેવી કેવી મુશ્કેલીઓ પડે તેનો ઉલ્લેખ કર્યો છે. ગીતોની સંપાદનપદ્ધતિ પર પણ નર્મદે પ્રકાશ પાડ્યો છે. 'એ ગીતો જુદે જુદે ઠેકાણેથી કકડા કકડા રૂપે એકઠા થયા પછી એક વિદ્યાભ્યાસી સ્ત્રીએ તે સઘળાને પ્રસંગ પરત્વે જુદા પાડી કકડા કકડા સાંધી પાઠફેર શુદ્ધ કરી નિયમપુરઃસર ગોઠવી આ ગ્રંથરૂપ આકારમાં મૂક્યા છે ને પ્રસંગને સમજાવવાને રીત કથન કર્યું છે.' -(નાગર સ્ત્રીઓમાં ગવાતાં ગીત - પ્રસ્તાવના, પૃ-૦૧) તેમાં ૧૪૮ ગીતો સિવાય નરસિંહ, મીરાં, ભાલણ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ વગેરે કવિઓની રચનાઓ પણ છે. નર્મદે ગીતોનું વર્ગીકરણ પણ કર્યું છે. જેમ કે (૧) જનોઈનાં ગીત (૨) અધરણીનાં ગીત (૩) લગ્નનાં ગીત (૪) રાસ, હાલરડાં તથા ગરબા. નર્મદના જ અનુકરણમાં બાળાબહેન ભોળાનાથ દિવેટિયા પાસેથી ઈ.સ.૧૮૭૨માં અમદાવાદના વડનગરા નાગરની સ્ત્રીઓમાં ગવાતાં ગીતોનો સંગ્રહ મળે છે. બાળાબહેન આપણા પહેલાં સ્ત્રી સંપાદક ગણી શકાય. એ પછી જોકે વધારે વૈજ્ઞાનિક કાર્ય પૂતળીબાઈ ધનજીભાઈ વાડિયા પાસેથી પ્રાપ્ત થાય છે. ઈ.સ.૧૮૮૫થી 'ઇન્ડિયન એન્ટિક્વેરી'ના અંકોમાં 'ફોકલોર ઈન વેસ્ટર્ન ઈન્ડિયા'માં તેઓ લખતાં. ૧૮૯૦થી ૧૮૯૩નાં વર્ષોમાં આ સામયિકોનાં પૃષ્ઠો પર ગુજરીનો

ગરબો મુખપાઠ અને ભાષાંતર સહિત આપે છે. પારસી લગ્નગીતો તેમનો નોંધપાત્ર સંગ્રહ છે. ઈ.સ. ૧૮૯૯માં ઈન્દિરાગૌરી રતિરામ પાસેથી રીતદર્પણ પુસ્તક મળે છે. સુરતના વડનગરા નાગરોનાં રીતરિવાજો પુસ્તકનો મુખ્ય વિષય છે. તે અંતર્ગત લગ્ન, જનોઈ, સીમંત, ઈત્યાદિ પ્રસંગોનાં ગીતોનો પુસ્તકમાં સમાવેશ થયો છે. તો મહીપતરામ નીલકંઠ પાસેથી તેમની નવલકથાઓમાં આપણને વિપુલ પ્રમાણમાં લોકગીતો મળે છે.

સૌથી ધ્યાનપાત્ર કાર્ય ઈ.સ. ૧૯૧૩માં ખીમજી વસનજી ભટ્ટ પાસેથી કાઠિયાવાડી જવાહીર નામનો દુહાનો ગ્રંથ પ્રાપ્ત થાય છે તેને ગણાવી શકાય. તેમાં ૩૫૦ દુહા, સોરઠાઓનો સમાવેશ થયો છે. દુહાનો આસ્વાદ એ પુસ્તકની આગવી લાક્ષણિકતા છે. એ જ રીતે કહાનજી ધર્મસિંહે પણ ૧૯૧૩માં કાઠિયાવાડી સાહિત્ય નામના ગ્રંથમાં દુહાનો સારો એવો સંગ્રહ કર્યો છે. ઈ.સ. ૧૯૧૫ નાથજી મહેશ્વર પાઠક પાસેથી હાલના ઉત્તર ગુજરાત અને દક્ષિણ રાજસ્થાન પ્રદેશના ભીલોનાં ગીતો પ્રાપ્ત થાય છે. જેમાં ૬૮ જેટલાં ગીતો મળે છે. મૂળ ગીતને એના એ જ સ્વરૂપમાં એમણે સંપાદિત કર્યાં છે. એ જ વર્ષે કૃષ્ણલાલ સૂરજરામ વકીલ પાસેથી પણ 'ભીલોનાં ગીત' પ્રાપ્ત થાય છે.

લોકગીતોના સંપાદનના ક્ષેત્રમાં રણજિતરામ વાવાભાઈ મહેતાના કાર્યની નોંધ લેવી ઘટે. આમ, તો એમણે ઈ.સ. ૧૯૦૫માં અમદાવાદ ખાતે યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં ગુજરાતનાં લોકગીતો પર એક અભ્યાસલેખ રજૂ કર્યો હતો. એ પછી પોતાના ઉમરેઠ-નિવાસ દરમિયાન ૨૫-૩૦ નોટો ભરીને લોકગીતો એકત્ર કરેલાં તેમાંથી ચુનીલાલ શેલતે ૧૩૪ ગીતો અલગ તારવી ઈ.સ. ૧૮૨૨માં પુસ્તકરૂપે પ્રકાશિત કર્યાં. પુસ્તકમાં ગીતો વિષયવાર વર્ગીકૃત થયાં છે. જેમ કે તહેવારોનાં ગીતો-ગરબા, ઘરકામ કરતાં ગવાતાં ખાયણાં, લગ્ન, સીમંત જેવા માંગલિક પ્રસંગનાં ગીતો, હાલરડાં, મરશિયાં, મેહુલાનાં, કોશિયાનાં, ભૂવાનાં વગેરે રીતે વર્ગીકરણ કર્યું છે. એ સાથે એમાં લોકગીત વિશેના ત્રણ અભ્યાસલેખો પણ મૂક્યા છે. પ્રથમ લેખ

કાકાસાહેબ કાલેલકરનો, બીજો ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમા રજૂ કરેલો અને એ જ વિષય પર પાછળથી તૈયાર થયેલો એક બીજો વિસ્તૃત લેખ આપવામાં આવ્યો છે.

આ જ સમયગાળામાં સમયાંતરે અલગથી ભવાઈનાં ગીતોના સંગ્રહો પણ મળતા રહ્યા છે. જેમાં મહીપતરામ પાસેથી 'ભવાઈ સંગ્રહ' તેમજ મયાશંકર શુક્લકૃત 'દેશી ભવાઈનો ભોમીઓ', ફક્ત ભવાઈ સજ્જન મંડળીને મદદ માટે-પબ્લિક માટે નહીં પ્રકાશિત થયેલ ગ્રંથ 'શ્રી ભવાની ભવાઈ પ્રકાશ'ને ધ્યાનમાં લેવો જોઈએ.

મેઘાણી પૂર્વેની ગુજરાતી લોકગીત સંપાદન પ્રવૃત્તિનો સમગ્ર રીતે વિચાર કરતાં એટલું નોંધી શકાય કે જેટલું કામ લોકકથાના સંપાદનનું થયું છે તેટલું કામ ગીતોના ક્ષેત્રમાં નથી થયું. તદુપરાંત કવિઓની રચનાઓને પણ લોકગીત તરીકે સંપાદિત કરી દેવામાં આવતી. પાઠફેર, પાઠભેદ વગેરે વિશે કોઈ જ માહિતી મળતી નથી. ટૂંકમાં, લોકગીતોના સંપાદનમાં વૈજ્ઞાનિકતાનો પૂરેપૂરો અભાવ જોવા મળે છે.

(૩) મેઘાણીનું સંપાદનકાર્યઃ

મેઘાણીની સંપાદનયાત્રાનો અલગથી એટલા માટે વિચાર કરવાનો રહે છે કારણ કે મેઘાણીએ માત્ર લોકસાહિત્યનું સંપાદન જ નથી કર્યું પણ લોકસાહિત્યને આગવું સ્થાન આપ્યું છે. એમના કાર્યની નોંધ કનુભાઈ જાની આ પ્રમાણે લે છે, 'ચોવીસની વયે આ ક્ષેત્રે એમણે કામ શરૂ કર્યું. એ કામ ત્રિવિધ હતું : સંશોધનનું, લેખન-પ્રકાશનનું અને લોકસાહિત્યને સામાન્યજનમાં તેમ જ વિદ્વજ્જનમાં પ્રતિષ્ઠિત કરવાનું. પહેલાને માટે પરિભ્રમણ ક્ષેત્રકાર્ય (ફિલ્ડવર્ક), બીજાને માટે લેખનસાધના, ત્રીજાને માટે વ્યાખ્યાનો ને ગાન, પ્રચાર. એ સતત સંગ્રહો કરતા ગયા અને લખતા રહ્યા, વ્યાખ્યાનો આપતા રહ્યા. એટલી ઝડપથી કે છ જ વર્ષની કામગીરી પર ૧૯૨૮માં રણજિતરામ સુવર્ણચંદ્રક એમને મળ્યો. 'સૌરાષ્ટ્ર', 'ફૂલછાબ', 'જન્મભૂમિ', 'ઊર્મિ'- એ પત્રોના વળગણ સાથે ને વળગણ છતાં, ને વળગણને કારણે પણ લખલખ કરતા રહ્યા. પરિણામે પચાસની

ભર જુવાન વયે જાત એવી ઘસાઈ ગઈ કે અચાનક દેહ પડ્યો ! ત્યારે માત્ર ગુજરાતમાં જ નહીં ભારતમાં લોકસાહિત્યખેડુઓમાંના એક એમને ગણવા પડે એટલું ને એવું કામ એ મૂકી ગયા હતા.[૦૧]

મેઘાણીના લોકસાહિત્યક્ષેત્રના કામને કનુભાઈએ છ ભાગમાં આ પ્રમાણે વિભાજિત કર્યું છે:

(૧) લોકકથા સંપાદન

(૨) લોકકવિતા સંપાદન

(૩) લોકસાહિત્યનું વિવેચન

(૪) લોકસાહિત્ય સંપાદનની અનુભવકથા

(૫) લોકસાહિત્યાર્થે કરેલ પ્રવાસની કથા

(૬) લોકસાહિત્ય વિશેનાં પરચૂરણ વ્યાખ્યાનો - લેખો-પત્રો-ચર્ચા

મેઘાણી પાસેથી લોકગીતોની ૧૦ કૃતિઓ પ્રાપ્ત થાય છે. જેમાં 'રઢિયાળી રાત ભાગ ૧થી ૪', 'ચુંદડી ભાગ ૧ અને ૨', 'હાલરડાં', 'ઋતુગીતો', 'સોરઠી સંતવાણી', 'સોરઠિયા દુહા'. કુલ આઠસોએક જેટલાં લોકગીતો એમણે ગ્રંથસ્થ કર્યાં છે. જે ગુજરાતી લોકસાહિત્ય સંપાદનમાં વિરલ છે.

(૨) મેઘાણી પછીની સંપાદનયાત્રાઃ

મેઘાણીએ પોતાની કર્મભૂમિ તરીકે વિશેષ ધ્યાન સૌરાષ્ટ્ર પર આપ્યું હતું. મેઘાણી પછીના સમયગાળામાં ગુજરાતના વિવિધ ભાગોનું સાહિત્ય આપણી સમ્મુખ આવવા માંડે છે. જેમાં વિશેષ સુગમતા કરી આપી લોકસાહિત્ય સમિતિએ. તેના કાર્યની નોંધ લઈએ તો ૧૯૫૭થી આજ સુધીમાં 'લોકસાહિત્યમાળા'ના ચૌદ મણકા પ્રસિદ્ધ થયા છે. આરંભના સંગ્રહોમાં સ્વરૂપવાર વિભાગો રખાયા છે. ને પ્રત્યેક સ્વરૂપ પર એક અભ્યાસ પરિચયાત્મક લેખ પણ છે. આ મણકાઓ ઉપરાંત ચૌદેક અન્ય સંગ્રહો પણ લોકસાહિત્ય સમિતિએ પ્રસિદ્ધ કર્યા છે. જેમાં 'રાંદલનાં ગીતો',

'તુલસીવિવાહનાં ગીતો', 'ગોરમાનાં ગીતો', 'ખાયણાં', 'લોકપુરાણકથાઓ', 'સૂરજની સાખે', 'લોકપુરાણ કથાગીતો', 'લોકગુર્જરી'ના પાંચ અંકો, 'પંચમહાલનાં ગીતો', 'લોકભરત' વગેરે. આમ, સમિતિએ પોતાના કાર્યને સમગ્ર ગુજરાતમાં ફેલાવ્યું છે.

આ સમયમાં મધુભાઈ પટેલ દક્ષિણ ગુજરાતમાં, પુષ્કર ચંદરવાકરે ભાલ અને નળકાંઠાના વિસ્તારો, જયાનંદ જોષીએ રાજપીપળાના આદિવાસી વચ્ચે, તડવી દંપતીએ સંખેડા, નસવારી, છોટા ઉદેપુર વિસ્તારમાં, અમૃત પટેલ ઉત્તર ગુજરાતના મકનપુર ગામમાં વિહર્યા અને ભગવાનદાસ પટેલે ઉત્તર ગુજરાત-અરવલ્લી ડુંગરાઓને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. પ્રત્યેકના કાર્યની વિગતવાર નોંધ લઈએ.

મેઘાણી પછી કોઈના વ્યક્તિગત કાર્યની નોંધ લેવી હોય તો જયમલ્લ પરમારને યાદ કરવા રહ્યા. 'ઊર્મિ અને નવરચના' તેમના માટે કંઠસ્થ વારસાના પ્રસારનું એક હાથવગું ઉત્તમ મુખપત્ર બની રહ્યું. એના દ્વારા લોકસાહિત્યને બહોળા વ્યાપ પર મૂકી દીધું. જયમલ્લ પરમારે ક્ષેત્રીય કાર્ય દ્વારા સંખ્યાબંધ લોકગીતો એકત્ર કર્યાં છે તથા તેનો અનેકલક્ષી સઘન અભ્યાસ કર્યો છે. તેમના આ પ્રકારના સવાસો જેટલા લેખોને બળવંત જાનીએ 'લોકસાહિત્ય તત્ત્વદર્શન અને મૂલ્યાંકન' પુસ્તકમાં પ્રકાશિત કર્યા છે. લોકગીતના ક્ષેત્રે પરમારસાહેબનું વિવેચન-મૂલ્યાંકન એ તત્ત્વદર્શી અને અભ્યાસલક્ષી સામગ્રી પૂરી પાડે છે.

પુષ્કર ચંદરવાકરે નળકાંઠાનાં ગીતો, નૃત્યગીતોનું સંપાદન 'ચંદર ઊગ્યે ચાલવું', 'પ્રીતના પાવા', 'વાગે રૂડી વાંસલડી રે', 'નવી હલકો' જેવાં પુસ્તકોમાં કર્યું છે. 'નવી હલકો'માં અવૈધિક સંબંધોનાં ગીતો મૂક્યાં છે. ચંદરવાકરનું વિશેષ ધ્યાન ખેંચે છે, 'ઓલ્યા કાંઠાના અમે પંખીડાં' ભારતની અન્ય ભાષાનાં ગીતો સમજૂતી સાથે રજૂ કર્યાં છે.

મેઘાણીએ સુરત પ્રદેશને કરેલી ટકોરને ઝીલીને મધુભાઈ પટેલે 'ગુજરાતનાં લોકગીતો' પુસ્તક આપ્યું. તેનો પ્રવેશક મેઘાણીએ લખી આપ્યો. ગુજરાતી લોકગીતોનાં સંપાદનમાં આ પુસ્તક

એક અલગ ભાત પાડે છે. પુસ્તકનાં ૨૯ પ્રકરણોમાં મેઘાણીનો પ્રવેશક, રમણલાલ છો. મહેતાનો લોકસંગીત પરનો અભ્યાસલેખ બાદ કરતાં સાસરિયું, મહિયરિયું, વાંઝિયાં મહેણાં, યાત્રાગીત, ઝીલણિયાં, હાબેલાં વગેરે વિષય પ્રમાણે વર્ગીકરણ અને તેના વિશેનો અભ્યાસલેખ મૂક્યો છે. પુસ્તકની મર્યાદા એ છે કે પુસ્તકમાં આખાં ગીતો પ્રાપ્ત થતાં નથી. ગીતની બે-ત્રણ પંક્તિઓ જ મળે છે.

કચ્છી લોકસાહિત્યનો વિપુલ ફાલ દુલેરાય કારાણીએ ઉતારી આપ્યો છે. ગુજરાતની પૂર્વ સરહદના આદિવાસીઓનાં લોકગીતો, જાતિગત ઈતિહાસ, સામાજિક રીતરિવાજો વગેરે 'તડવી લગ્નગીતો અને વિધિઓ', 'રાધા ગોરી ને કહાન કાળો', 'પરદેશી પરોણલો', 'સાહેલી રે ચંપો મ્હોરીયો' વગેરે પુસ્તકોમાં તડવી દંપતીએ ગ્રંથસ્થ કરી આપ્યા. ભગવાનદાસ પટેલે ઉત્તર ગુજરાતના અરવલ્લી ડુંગરાનાં વિવિધ ગામોમાં આદિવાસી પ્રજા વચ્ચે વર્ષોનાં વર્ષો સુધી કામ કરીને 'ભીલોનાં હોળીગીતો', 'રાઠોડવારતા', 'ભીલ લોકાખ્યાન', 'સતિયોખાતુ અને હાલો હૂરો' જેવાં પુસ્તકોમાં આદિવાસી પ્રજાની કંઠસ્થ સમૃદ્ધિ પ્રસ્તુત કરી છે. મેઘાણી પછી વિશેષ ખેવના ભગવાનદાસ પટેલમાં જોઈ શકાય છે. આદિવાસી વિસ્તારોના સંશોધનકાર્યમાં જયાનંદ જોષીનું પ્રદાન પણ મહત્ત્વનું છે. રાજપીપળા વિસ્તારમાં તેમણે કરેલા ક્ષેત્રીય કાર્યના પરિણામે 'રાજના આદિવાસી છેલિયા', 'હોળીગીતો અને લગ્નગીતોઃ એક સ્વાધ્યાય' જેવાં પુસ્તકો પ્રાપ્ત થયાં છે.

ડાંગ જિલ્લાના આદિવાસીઓની વચ્ચેથી આવતા પુંડલિક પવાર અને ડાહ્યાભાઈ વાઢુ પાસે અનુક્રમે 'ડાંગી આદિવાસીઓનાં લગ્નગીતો' અને 'કુંકણા રામકથા' જેવાં પુસ્તકો પ્રાપ્ત થાય છે. આદિવાસી લોકસાહિત્ય અને સંસ્કૃતિ માટે અત્યારે આદિવાસી અકાદમી તેજગઢના કાર્યની નોંધ પણ લેવી ઘટે.

અમૃત પટેલે ઉચ્ચ શિક્ષણ નિમિત્તે 'કંકુ રે વાયું' પુસ્તકમાં મહેસાણા જિલ્લાના મુક્તાપુરા ગામનાં લોકગીતો, લોકાખ્યાન, રાસડા વગેરેની પ્રમાણભૂત અઢળક સામગ્રી ઉતારી આપી. એ જ રીતે ઉચ્ચ અભ્યાસ નિમિત્તે સુચેતા ભાડલાવાળાએ હાલારની માલધારી જાતિના લોકજીવનની

ઝાંખી કરાવતાં સંસ્કાર-ગીતો એકત્ર કર્યાં છે. જે તેમના 'માલધારી જાતિમાં સંસ્કાર-ગીતો' પુસ્તકમાં પ્રાપ્ત થાય છે. તો પ્રેમજી પટેલે તલોદની આસપાસના વિસ્તારોના ભ્રમણના પરિણામે 'ચૌદ લોક' પુસ્તક આપ્યું છે.

આ ઉપરાંત પ્રા. એલ. ડી. જોષી, રમેશ પાઠક, કા. ભા. નાયક, દેવી મહેતા, સિદ્ધરાજ સોલંકી, પ્રહ્લાદ પટેલ, રુક્ષ્મણીબેન પટેલ, મીનાક્ષીબેન તથા મનોરમા વ્યાસ, મફત રણેલાકર, માધવ ચૌધરી, નાથજીભાઈ પાઠક, પ્રવીણ ગઢવી, દક્ષાબેન વ્યાસ, નવીન ત્રિવેદી, નિરંજન રાજ્યગુરુ, નાથાલાલ ગોહિલ, ભગીરથ બ્રહ્મભટ્ટ, અંબાદાન રોહડિયા, બળવંત જાની જેવા વિદ્વાનો દ્વારા આજે પણ આ ક્ષેત્રમાં કામ થઈ રહ્યું છે.

(૪) લોકગીતોનું પુનઃસંપાદનઃ

જ્યારે પુનઃસંપાદનની વાત કરીએ ત્યારે સૌ પ્રથમ યાદ કરવા પડે ખોડીદાસ પરમારને. ખોડીદાસ પરમારે ગુજરાતનાં લોકગીતોમાં મેઘાણી તથા અન્ય અભ્યાસીઓના ગ્રંથ-પુસ્તકમાંથી ૨૫૧ લોકગીતો સંપાદિત કરી સાહિત્ય અકાદમી દિલ્લી દ્વારા પ્રકાશિત કર્યાં. ૩૮ પૃષ્ઠનો સંશોધનાત્મક અભ્યાસલેખ લોકગીતને સમજવામાં ઉચિત ભૂમિકા પૂરી પાડે છે. તેમાં લોકગીતની સંજ્ઞાચર્ચા, વ્યાખ્યા, ઉદ્દ્ભવ, કર્તૃત્વ જેવા મુદ્દાની તથા ગીતોનું વર્ગીકરણ મૌલિક રીતે આપવાનો પ્રયાસ કર્યો છે. આ પ્રકારના અભ્યાસમાં કનુભાઈ જાની તથા જશવંત શેખડીવાળાના કાર્યની નોંધ લેવી ઘટે.

મેઘાણીએ સંપાદિત કરેલ 'રઢિયાળી રાત ભાગ ૧થી ૪ની સંકલિત આવૃત્તિ નવાં ગીતોના ઉમેરણ સાથે મહેન્દ્રભાઈ મેઘાણીએ પ્રકાશિત કરી. એ જ રીતે હસુભાઈ યાજ્ઞિકે લોકસાહિત્યમાળાના ૧૪ મણકાનું પુનઃમુદ્રણ છ દળદાર ગ્રંથોમાં કૃષ્ણચરિત, રામચરિત, પાંડવકથા, કથાગીતો, ઋતુગીતો, જીવનચક્ર અંતર્ગત રચનાઓ ભાગ ૧ અને ૨ રૂપે યોગ્ય અભ્યાસલેખ અને ભૂમિકા સાથે સંપાદિત કરી આપ્યું. ગુજરાતી સાહિત્ય પરિષદનાં ભિન્ન ભિન્ન

સાહિત્ય સ્વરૂપોના સંચયો તૈયાર કરવાની યોજના સંદર્ભે 'ગુજરાતી સાહિત્યઃ ગુજરાતી લોકગીતો' પુસ્તક નરોત્તમ પલાણ અને પ્રભાશંકર તેરૈયા દ્વારા તૈયાર થયું. તેમાં લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય વિશેના લેખો સાથે ગીતો પ્રકાશિત થયાં છે. આમ, અનેક રીતે ગુજરાતી લોકગીતોનું પુનઃસંપાદન થતું રહ્યું છે.

<u>ગુજરાતી લોકદુહાઓનું સંપાદનઃ</u>

દુહાનું મહત્ત્વ મેઘાણી આ રીતે નોંધે છે, 'વાર્તાઓનો પદ્યવિભાગ દુહા નામના ચચ્ચાર ચરણોનાં મુક્તકોનો બનેલો હોય છે. તે દુહાઓ વાર્તાના કથનમાં અંતરે અંતરે ટંકાતા આવે છે. એ દુહાઓ વાર્તાના કોઈ પ્રસંગને વર્ણવતા ભાગ્યે જ હોય છે. એ તો વાર્તામાં આવતા ઊર્મિ-અંશને જ રજૂ કરે છે. વાર્તાના પાત્રની ઉત્કટ મનોવસ્થાનું ઉચ્ચારણ આ દુહાઓમાં થાય છે. વાર્તાની ઘટનાના ઊર્મિ-તત્ત્વને ઘનીભૂત કરતા આ દુહા છે… વાર્તાએ વાર્તાએ આવા પચ્ચીસ-પચ્ચાસ દુહા ટંકાય છે. વાર્તારૂપી ઈમારતના એ સ્તંભો અને કમાનો છે. રવેશો અને ઝરૂખાઓ છે. સોરઠીઆ દુહાનું આ ઠાવકું ઘડતર સાદું છતાં પાણીદાર એનું મોતી સમું રસસ્વરૂપ, લાઘવને હિસાબે તો કોઈ પણ કાવ્યપ્રકારને આંટે એવી એની બહિરંતર નાજુકાઈ, એ તો રાજસ્થાનભરમાં આવી પ્રશંસાને પામેલ છે.'

સોરઠીઓ દોહો ભલો, ભલી મરવણી બાત;
જોબન છાઈ ધણ ભલી, તારા છાઈ રાત.

(ચાર વસ્તુઓ સુંદર છેઃ સોરઠનો દુહો, મારવાડની વાર્તા, જોબનભરી નારી અને તારા વડે છવાયેલી રાત.) 02

દુહાનો ઈતિહાસ સાથેનો સંબંધ જયમલ્લ પરમારે આ રીતે બતાવ્યો છે, 'સંસ્કૃતમાં જેવું અનુષ્ટુપનું સ્થાન છે, તેવું લોકસાહિત્યમાં દુહાનું સ્થાન છે. કાવ્યોના ઘણા પ્રકારોને બુઢાપો આવ્યો છે, પણ દુહાને એક હજાર વર્ષ થયાં છતાં હજી બુઢાપો નથી આવ્યો. કારણ કે નેસડે-ગામડે, સીમ-વગડે ને ખેતરે-પાધરે એનો વાસ હોવાથી એ લોકલાગણીનો ખેલંદો રહેતો આવ્યો છે.

સુભાષિતોથી જરાય ઓછો તેજસ્વી નથી આ દુહો. વળી બધા જ રસોને એકસરખા વહાવવાની તાકાત એનામાં છે. જેવો વીરરસમાં એવો જ રૂપરસમાં, જેવો શૃંગારમાં એવો જ ભક્તિરસમાં ને જેવો ભયાનકરસમાં એવો જ બીભત્સરસમાં. માનવીઓના ઉત્કટ ભાવ જાગે, કવિતા એના જીગરને હલમલાવી નાખે, ત્યારે એના મનને મોકળાશ આ દુહા વાટે મળે છે.[૦૩]

દુહો જેટલો લોકસમાજમાં પ્રિય છે એટલો જ એ પ્રાચીન પણ છે. હરિવલ્લભ ભાયાણીએ કાલિદાસનાં નાટકોમાં દુહાનું સ્વરૂપ શોધી આપ્યું તો હેમચંદ્રાચાર્યે તેની અગત્યતાની નોંધ સિદ્ધ-હેમ શબ્દાનુશાસનમાં લીધી. ટૂંકમાં, દુહાનો સળંગ ઈતિહાસ જોવા જઈએ તો, તે અપભ્રંશકાળથી લઈને અત્યાર સુધી એકધારા પ્રવાહમાં વહેતો આવ્યો છે. સમયે સમયે હેમચંદ્રાચાર્યથી આજ સુધી જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં દુહાઓ ટંકાતા આવ્યા છે. એ દુહાની મહત્ત્વતા છે. જેની નોંધ મેઘાણીએ લીધી.

મગનલાલ વખતચંદ શાહ સંપાદિત સત્તરસો કહેવતોનો સંચય ‘કથનાવલી’ના ૧૮૫૧માં થયેલા પ્રકાશનને આપણે ગુજરાતી લોકસાહિત્યના સંપાદનકાર્યનું આરંભબિંદુ ગણી શકીએ. આપણે ત્યાં લોકગીત સંપાદનનો વિધિવત્ કાર્યારંભ થાય છે, ૧૮૫૧થી ૧૮૬૦ના દાયકામાં શોરાબજી હોમરજી ચીકનથી. આ પારસી બાવાના ચારેક સંગ્રહો ધ્યાનાર્હ છે. એ પછી કાલાંતરે દુહાનાં સંપાદનો પ્રાપ્ત થતાં રહ્યાં છે. તેમાં સૌ પ્રથમ ૧૮૯૨માં મહુવાના ઓઝા લલ્લુભાઈ કાળીદાસ પાસેથી ૭૧૧ દુહાનું પુસ્તક 'લલ્લુ સતસઈ' પ્રાપ્ત થાય છે. લોકપ્રચલિત દુહાનો પહેલવહેલો સંગ્રહ 'કાઠિયાવાડી જવાહીર'ને નામે સને ૧૯૧૩માં બગસરાની પોસ્ટ ઓફિસના પટાવાળા ખીમજી વસનજીએ પ્રગટ કરેલો. એ પછી લોકકથાઓનાં જે જે પુસ્તકો પ્રગટ થતાં ગયાં તે તમામ દુહા વણેલી વાર્તાનાં જ હતાં. 'કાઠિયાવાડી સાહિત્ય'ને નામે સ્વ. કહાનજી ધર્મસિંહે સન ૧૯૧૩માં કાઠિયાવાડમાં બહુમુખે ગવાતા દુહા, દોઢિયા, સોરઠા, છકડિયા, વડછડ, સમસ્યા, સુભાષિતો, ઉખાણાં ને જોડકણાં વગેરેનો બે ભાગમાં ઢગલો કરી દીધો. ઝવેરચંદ મેઘાણીએ રસધારના ભાગો, બહારવટિયાના ભાગોમાં દુહા મૂક્યા પણ નરદમ ૨૫૦ ચૂંટેલા દુહાની 'સોરઠી

ગીતકથાઓ'(૧૯૩૮) આપી તે દુહાની દુનિયામાં શિરમોર છે. સ્વ. ગોકુળદાસ રાયચુરાએ 'સોરઠી દુહાની રમઝટ' (૧૯૬૮)માં ૭૧૦ દુહાનું પુસ્તક પ્રગટ કર્યું. આશારામ દલીચંદ શાહે ૪૧૦ પાનાંનો 'કહેવત સંગ્રહ' ગ્રંથ (૧૯૬૦) આપ્યો. તેમાં હજારેક દુહા-સાખી આપેલાં છે.

દુહાના ક્ષેત્રમાં જે કંઈ પુસ્તકો-પુસ્તિકાઓ પ્રગટ થયાં છે, તેમાંના દુહા કોઈ સીમાભેદ સિવાય કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, મારવાડ પ્રદેશોની સાંસ્કૃતિક એકતાના પ્રતિનિધિ સમા રહ્યા છે. પરંતુ ઉપર જે પુસ્તકોની વાત કરી છે તે દુહાની પાદટીપ સમા બની રહ્યા છે કારણ કે તમામ સંપાદકોનો એક જ ઉપક્રમ રહ્યો છે. જે દુહા પ્રાપ્ત થાય તેને પ્રગટ કરી દેવા. એ દૃષ્ટિએ 'દુહો દસમો વેદ' જયમલ્લ પરમારનો ગ્રંથ અલગ તરી આવે છે. તેમાં વિદ્વાનો દ્વારા દુહાનું સ્વરૂપ, દુહાનાં મૂળ, દુહાના પ્રકારો તેમજ દુહા અંગેની વિશદ્ ચર્ચા કરતા ઘણા લેખો પ્રાપ્ત થાય છે. છતાં પણ એક બાબત નોંધવી રહી, આજ સુધી દુહાની તમામ ક્ષિતિજોને આવરી લેતું પુસ્તક પ્રાપ્ત થતું નથી.

<u>અભ્યાસનાં પુસ્તકોનો પરિચય</u>

મારા અભ્યાસકાર્યમાં છ પુસ્તકોના દુહાઓનું વર્ગીકરણ કરવાનો ઉપક્રમ રાખ્યો છે. જેને પ્રકાશન-વર્ષ પ્રમાણે ગોઠવતાં

(૧) કાઠિયાવાડી જવાહીર (૧૯૧૩) શ્રી ખીમજી વસનજી

(૨) કાઠિયાવાડી સાહિત્ય (૧૯૧૩) સ્વ.કહાનજી ધર્મસિંહ

(૩) સોરઠી ગીતકથાઓ (૧૯૩૮) શ્રી ઝવેરચંદ મેઘાણી

(૪) કહેવત સંગ્રહ (૧૯૬૦) શ્રી આશારામ દલીચંદ શાહ

(૫) સોરઠી દુહાની રમઝટ(૧૯૬૮ બીજી આવૃત્તિ) શ્રી ગોકુલદાસ રાયચુરા

(૬) દુહો દસમો વેદ (૨૦૦૪) શ્રી જયમલ્લ પરમાર

આ પુસ્તકોનો ટૂંકમાં પરિચય મેળવીએ.

(૧) કાઠિયાવાડી જવાહીર

સંપાદક - કવિ ખીમજી વસનજી ભટ્ટ

પ્રકાશન-વર્ષ - ઈ.સ. ૧૯૧૩, સંવત - ૧૯૬૯

'કાઠિયાવાડી જવાહીર - કાઠિયાવાડનું જૂનું સાહિત્ય ભાગ -૧લો' એ કવિ ખીમજી વસનજી ભટ્ટ - બગસરાવાળાનું ૧૯૧૩માં પ્રકાશિત થયેલું ૫૦૦ દુહાનું પુસ્તક છે. કવિએ લોકમુખે કહેવાતા દુહામાંથી ૫૦૦ દુહા પસંદ કરી સ્વખર્ચે પુસ્તક પ્રગટ કર્યું.

કવિએ પ્રસ્તાવનામાં કહ્યું તેમ, 'હોથલ-પદ્મિની, રા'ખેંગાર, રાણકદેવી, રા'નવઘણ, જાહલ, બાવોવાળો, ચાંપરાજવાળો, કાદુ, બાબા, મૂળુ માણેક, દેપાળદે, વિંજરો, કાચબોઘ સલાટ, સોરઠિયો, જોગીયો, સાજણ વીગેરે વીગેરેના લગભગ ૩૫૦૦ દુહા-સોરઠાઓ સાથે તે સર્વનાં જીવનચરિત્રો બની શકે ત્યાં સુધી અનુમાનિક રીતે પ્રમાણ યુક્ત મનાય તેવાં મેળવ્યાં છે.' મુંબઈના 'સાંજ' વર્તમાનપત્રની કીમતી કટારોમાં આ દુહાઓમાંના કેટલાક દુહા રસાસ્વાદ સાથે પ્રગટ થયા હતા.

'કાઠિયાવાડી જવાહીર'માં કવિએ દુહાઓ સાથે તેનો રસાસ્વાદ કરાવ્યો છે. અર્થની સાથે દુહાઓ જે કથાના છે તેનો કથાસાર અતિટૂંકમાં આપવાનો પ્રયાસ કર્યો છે.

'કાઠિયાવાડી જવાહીર'માં કવિએ પોતાને ગમતા દુહાઓનો માત્ર રસાસ્વાદ કરાવ્યો છે. તેમાં અત્યારે જે લોકસાહિત્ય સંપાદનની સમજ વિકસી તેવી કશી સમજનાં દર્શન થતાં નથી. દુહાઓ કઈ કથામાંથી લીધા, તેના પાઠાંતર, તેના સમય વિશે કોઈ સ્પષ્ટતા સંપાદકે કરી નથી. જે મળ્યું તે ભાવક સમક્ષ પોતાનું ગણીને મૂકવાનો પ્રયાસ કર્યો છે.

'કાઠિયાવાડી જવાહીર'માં સંપાદકની નર્મદકાલીન ગુજરાતી ભાષા અભ્યાસનો વિષય બની શકે. લોકસાહિત્ય સંપાદનમાં ૫૦૦ દુહાથી વિશેષ બીજી કોઈ પણ પ્રકારની અપેક્ષા રાખી

શકાય તેમ નથી. તેનું કારણ એ ગણી શકાય તે સમયે લોકસાહિત્ય સંપાદનની સૂઝ અને સમજદારીનો વિકાસ થયો ન હતો.

(૨) કાઠિયાવાડી સાહિત્ય ભાગ-૨

સંપાદક - કહાનજી ધર્મસિંહ

પ્રકાશન-વર્ષ : ૧૯૧૩

કવિ, નાટ્યકાર, દલપતશૈલીના આ કવિએ 'ગોરક્ષાપ્રકાશ' (૧૮૯૧), 'સુંદરીતિલક યાને સુબોધ ગરબાવળી' (૧૮૯૨), 'સંતોષશતક' (૧૮૯૬) અને 'સ્વલ્પસંગ્રહ' જેવી કાવ્યકૃતિઓ; 'ઢોલામારુ' (૧૯૦૪) અને 'સૌભાગ્યવતીનું સંસારચિત્ર' જેવાં પુસ્તકો આપ્યાં છે. આ સર્વ પૈકી 'ગોરક્ષાપ્રકાશ', 'સુંદરીતિલક...' તથા ૧૪૪ મધ્યકાલીન હિન્દી કવિઓની ભક્તિરસિક કૃતિઓનું સંપાદન 'સુબોધસંગ્રહ' (૧૮૮૮)ને સમાવતો એમનો સર્વકૃતિસંગ્રહ 'કહાનકાવ્ય' (૧૮૯૭) પણ પ્રગટ થયેલો છે. આ ઉપરાંત એમણે 'અધ્યાત્મ ભજનમાળા', 'કાઠિયાવાડી સાહિત્ય', 'ચમત્કારિક દૃષ્ટાંતમાળા', 'સત્સંગશિરોમણિ', 'સાહિત્યરત્નાકર' તેમ જ 'સાહિત્યસંગ્રહ' જેવાં સંપાદનો પણ કર્યાં છે. આટલો પરિચય ગુજરાતી સાહિત્યકોશ ખંડ-૨માં મળે. 'કાઠિયાવાડી સાહિત્ય' ભાગ -૨ પુસ્તક ગુજરાત વિદ્યાપીઠની લાઈબ્રેરીમાં મળ્યું. પુસ્તકની હાલત જર્જરિત હોવાથી પ્રકાશક વિશે જાણી શકાયું નહીં. પુસ્તકમાં પાંચ ભાગમાં દુહાઓનું વર્ગીકરણ કર્યું છે.

(૧) સુબોધક સોરઠા

(૨) બરડા પ્રાંતનું ઈતિહાસાદિ સાહિત્ય

(૩) ગોહિલ - ઝાલા - હાલાદિ પ્રાંતનું ઈતિહાસાદિ સાહિત્ય

(૪) વિધવિધ વ્યવહારબોધ કા સાહિત્ય

(૫) કાઠિયાવાડનું શિક્ષણ સાહિત્ય

આ પાંચ ભાગ અંતર્ગત કવિએ અલગ અલગ વિભાજન કરીને દુહાઓ મૂકવાનો પ્રયત્ન કર્યો છે. જેમ કે,

(૧) સુબોધક સોરઠા અંતર્ગત રાજિયો, મોતિયો, સામળો, વિઠ્ઠલો અને પ્રકીર્ણ એવી રીતે વિભાજન કરીને દુહાઓ મૂક્યા છે. સોરઠામાં પાછળ આવતા કવિના નામના આધારે સંપાદકે આ દુહાઓ મૂકવા માટેનો પ્રયત્ન કર્યો છે.પરંતુ સંપાદકે કવિના નામ કે જીવનનો કોઈ ઉલ્લેખ કર્યો નથી.

(૨) બરડા પ્રાંતનું ઈતિહાસાદિ સાહિત્યમાં મેહ ઊજળી, સોન રાડિયાણી ને હલામણ જેઠવો, સુમરો તમાચી, બાવો શામનાથ અને નાથવોના દુહાઓ મૂક્યા છે. તેમાં મેહ ઊજળી, સોન રાડિયાણ ને હલામણ જેઠવો અને સુમરો તમાચી એ ગીતકથાઓ છે પણ કવિએ આ ગીતકથાઓ વિશે કંઈ લખ્યું નથી. કવિએ પ્રસ્તાવનામાં 'ઈતિહાસાદિ સાહિત્ય' એવો ઉલ્લેખ કર્યો છે. ખરેખર આ કથાઓના ઈતિહાસ આલેખવાની પરવા સંપાદકે કરી નથી. આ ગીતકથાઓમાં મોટા ભાગના દુહાઓ અહીંયાં મૂક્યા છે.

(૩) ગોહિલ-ઝાલા-હાલાદિ પ્રાંતનું ઈતિહાસાદિ સાહિત્યમાં કવિએ ૨૮ નામસરના દુહાઓ મૂક્યા છે. જેમાં સાખડો, કાળિયો, પીઠિયો, ખેતો, મેરુ, નાગદે ને માલો, વિકોઈ ને કમો, નાગજણ ને નાગરી, લાખો ઘુઘરો, જોધો તથા દેવો, ઓઢો, મારુ ને ઢોલો, હોથલ પદમણી, રામદે ઠાકોર ને ઠકરાણાં, ચંપા પદમણીનો સંવાદ, તેજા ને ઝંદો, જેઠો ભગત, નાગમતિ ને નાગવાળો, ફૂલ જાડેજો અને કુંવર લાખો, મોખડો, ખંભાતણને ખીમરો, દાદવો, વિંઝરો, પોરસો, ગોહિલ એભલ, કાચબો હમીર, હેમો સૂર, મૂળાંદે ને બાનરોના દુહાઓ મૂક્યા છે.

(૪) વિધવિધ વ્યવહારબોધ કા સાહિત્યમાં પ્રસ્તાવિક બોધ, સતીનો સંદેશો, સંસારનાં સગપણ વગેરે, સ્ત્રી-પુરુષ (દમ્પતી સંબંધ), નાતજાતના ગુણદોષ, આધુનિક ઉખાણાં, સંખ્યાવાચક પ્રાસ્તાવિક ઉખાણાં, વિવિધ બોધના દુહાઓ મૂક્યા છે.

(૫) કાઠિયાવાડનું શિક્ષણ સાહિત્યમાં સાતધાતના દુહાઓ જેમાં સરસ્વતિની ધાત, શિખામણની ધાત, શિક્ષાની ધાત, સામ-કાળ વિભાગની ધાત, શાહુકારની ધાત, ચડતી-સ્થિતિની ધાત, ઘરેણાં ચીઠી અથવા ઘરેણાં પર પૈસા લેવાના દસ્તાવેજની ધાત. ધાતનો અર્થ અહીં ધાતુ લેવાનો છે. લેખક પ્રસ્તાવનામાં નોંધે, **'આપણા વિદ્વાનો સાત શરીરમાંની અને સાત પૃથ્વીમાંની ધાતુઓને સપ્ત ધાતુ કહે છે. શરીરમાંની રસ, રક્ત, માંસ, મેદ, મજ્જા, અસ્થિ અને શુક્ર; તથા પૃથ્વીમાંની સોનું, રજત, તાંબુ, બંગ, નાગ, તિક્ષક અને કાંસું એને ધાતુ તરીકે ઓળખાવે છે. પણ શિખામણની ધાતુ તો આપણા જૂના શિક્ષણમાં જ જણાય છે અને તેની સંખ્યા સાત કરતાં પણ વધારે છે. નવીન શિક્ષણ પદ્ધતિનો વ્યવહાર કરતાં, તે જૂનું શિક્ષણ છેક વિસારી દેવામાં ન આવે તેહેતુથી અત્રે આપતા આશા રાખવામાં આવે છે કે, બુદ્ધિગ્રાહી સજ્જનોને તે ઉપયોગી થઈ પડશે.'** *આ સિવાય આંકના પાઠ, વડછડ અથવા પ્રશ્નોત્તર, ગુરુચેલાનો સંવાદ, પાંચકડાં-ભજનિયું વિભાગથી દુહાઓ મૂકવામાં આવ્યા છે.*

કાઠિયાવાડી સાહિત્યમાં સંપાદકે લોકમુખે કહેવાતા દુહાઓનું વિપુલ પ્રમાણમાં સંપાદન કર્યું છે. વિભાજન માટે તેમણે પ્રદેશનો આધાર લીધો છે. આ સાથે મળતા દુહાઓ જેવા કે રાજિયો, મોતિયો વગેરેને એકસાથે મૂકીને ભાવક સમક્ષ રજૂ કર્યા છે. આ સાથે એક પ્રદેશના દુહા બીજા પ્રદેશમાં ન મુકાઈ જાય કે એક કવિના દુહા બીજા કવિમાં ન મુકાઈ જાય તેની ચીવટ રાખી છે. સૌરાષ્ટ્રના મોટા ભાગનાં દુહા સાહિત્યનું સંપાદન કરી દીધું છે.

સંપાદકે સંપાદિત દુહા સાહિત્યને પ્રદેશ પ્રમાણે વિભાજિત કરીને મૂક્યું છે પરંતુ દુહાના કવિ કે કથા વિશે કોઈ ઉલ્લખ કર્યો નથી. પ્રથમ ભાગમાં જે કવિના દુહા મૂક્યા છે તેના જીવન અને કવનનો પરિચય આપ્યો નથી. એ જ રીતે ભાગ બીજા અને ત્રીજામાં પણ કોઈ નોંધ આપી નથી. એ દષ્ટિએ કાર્ય અધૂરું ગણી શકાય છતાં કવિએ જે વિભાજન કર્યું અને જે સામગ્રી આપી તેને કોઈ પણ રીતે ઓછી તો ન જ કહી શકાય. દુહાના સંપાદનમાં 'કાઠિયાવાડી સાહિત્ય ભાગ - ૨' અને કહાનજી ધર્મસિંહનું નામ ક્યારેય ભૂલી શકાય તેમ નથી.

(૩) સોરઠી ગીતકથાઓ

સંપાદક - ઝવેરચંદ મેઘાણી

આવૃત્તિ-૧૯૩૧

'સોરઠી ગીતકથાઓ' - 'સાડા ચારસો દુહાઓમાં વણાયેલ કરુણ પ્રેમકથાઓ' એ ઝવેરચંદ મેઘાણીની લોકસાહિત્ય સંપાદન સેવાનું એક ઉત્તમ સોપાન ગણી શકાય. લોકમુખે કહેવાતી દુહાબદ્ધ ગીતકથાઓને મેઘાણીએ યોગ્ય પ્રવેશક સાથે રજૂઆત કરી છે. દુહાઓના પાઠભેદની અને કથાઓના ઐતિહાસિક સમયની પણ મેઘાણીએ યોગ્ય તપાસ કરી છે.

'સોરઠી ગીતકથાઓ'માં સૌરાષ્ટ્રમાં બહુમુખે કહેવાતી જાણીતી લોકકથાઓ જેવી કે, સોન-હલામણ, મેહ-ઊજળી, શેણી-વેજાણંદ, રાણો-કુંવર, કમો-વીકોઈ, રતન ગયું રોળ, રાણક-રા'ખેંગાર, પીઠાત-વેજલ, લોડણ-ખીમરો, મારુ-ઢોલો, નાગ-નાગમદે, બાનરો એમ કુલ તેર કથાઓ મૂકી છે.

પ્રસ્તુત ગીતકથાઓમાં સોન-હલામણ, મેહ-ઊજળી, શેણી-વેજાણંદ, રાણો-કુંવર, રતન ગયું રોળ, લોડણ-ખીમરો, નાગ-નાગમદે, બાનરો એ કરુણાંત પ્રેમકથાઓ છે. કમો-વીકોઈ અને પીઠાત-વેજલ એ પતિપત્નીના સંબંધમાં શંકાના પરિણામે તૂટતા સંબંધની કથાઓ છે. મેહ-ઊજળી અને બાનરો એ ખૂટેલ પ્રેમની કથાઓ છે. પ્રેમ, પ્રેમ પછી મિલન અને અંતે પ્રેમી દ્વારા પ્રેમિકાને છોડીને જતું રહેવું વિષય પર બહુમુખે કહેવાતી પ્રેમકથાઓ છે.

મેઘાણીએ ગીતકથાઓની શરૂઆતમાં કથાનો ટૂંકો પરિચય આપ્યો છે. જેમાં શક્યતઃ પાત્રો ક્યાંના વતની, કઈ જ્ઞાતિના અને ઘટના શું ? તે ભાવકને ટૂંકમાં વર્ણવે છે. બાદમાં ક્રમશઃ દુહાઓ મૂકતા જઈને દુહાના રસાસ્વાદ દ્વારા કથાની ખીલવણી કરે છે. કથા આગળ વધતાં કરુણરસને ખીલવતા પરાકાષ્ઠાએ પહોંચે છે અને કરુણ અંતને પામે છે.

સંપાદક તરીકે મેઘાણીની ઊંડી સમજશક્તિનો ખ્યાલ આવે છે. દુહાઓને ક્રમમાં ગોઠવવા, દુહાઓના પાઠભેદ તપાસવા અને શક્યતઃ ગીતકથાના ઈતિહાસ સુધી ભાવકને લઈ જવાનો પ્રયાસ કર્યો છે, જે સંપાદકની ઊંડ સમજ અને વિષયનું તલસ્પર્શી જ્ઞાન બતાવે છે, સાથોસાથ આ ગીતકથાઓ સંપાદકની ભાષાશૈલી, રસકળા અને વર્ણનકલાનો ઉત્તમ નમૂનો બને છે.

ગુજરાતી લોકસાહિત્યમાં 'સોરઠી ગીતકથાઓ' મેઘાણીની ઉત્તમ ભેટ છે.

(૪) ગુજરાતી કહેવતસંગ્રહ અને પ્રાચીન દોહરાઓ અને સાખીઓ

સંપાદક - સ્વ.આશારામ દલીચંદ શાહ

પ્રકાશન-વર્ષ - ૧૯૬૦

'ગુજરાતી કહેવતસંગ્રહ અને પ્રાચીન દોહરાઓ અને સાખીઓ' એ આશારામ દલીચંદ શાહનું બે ભાગમાં વિભાજિત પુસ્તક છે. પ્રથમ ભાગમાં ગુજરાતી કહેવતો અને બીજા ભાગમાં પ્રાચીન દોહરાઓ છે. કવિએ એ પુસ્તકના નામમાં જ કહ્યું છે તેમ પુસ્તકમાં પ્રાચીન દોહરાઓ અને સાખીઓ સંપાદિત કર્યાં છે, પણ તેની સાથે સાથે લોકદુહાઓ પણ મૂક્યા છે.

સંપાદકે પુસ્તકમાં કોઈ પણ પ્રકારના વર્ગીકરણ વગર જ પેજ નંબર-૩૩૬થી ૪૦૬ સુધી દુહાઓ સંપાદિત કર્યા છે. તેમાં હિન્દી અને ગુજરાતી ભાષાના દુહાઓ મૂક્યા છે પણ અલગથી હિન્દી કે ગુજરાતી એમ મૂક્યા નથી. પુસ્તકમાં કબીર, તુલસી, રહીમ જેવા હિન્દીના પ્રખ્યાત કવિઓના દુહાઓ વધારે પ્રમાણમાં છે.

ગુજરાતી લોકદુહાઓની સંખ્યા ઓછી છે. રા'ખેંગાર અને રાણકદેવડીના અને આણંદ કરમાણંદના દુહાઓ શીર્ષક સાથે મુકાયા છે. સંપાદકે દુહાઓના પાઠાંતર આપ્યા નથી પણ દુહામાં આવતા અઘરા શબ્દોના અર્થ પાદટીપમાં આપ્યા છે. કેટલાક દુહાઓ સાથે જોડાયેલ ટુચકા કે વાર્તા પાદટીપમાં આપ્યાં છે. જેમ કે,

ટકોર ખાધી હજામની, આપ્યું ભલું ઈનામ;
શિર છેદાવ્યું હજામનું, જુઓ વણિકનાં કામ. (પૃષ્ઠ નંબર - ૩૮૦)

દુહા સાથે જોડાયેલ પ્રસંગ પાદટીપમાં આપ્યો છે. વાણિયો પોતાની બુદ્ધીથી વાણંદનું મસ્તક કપાવે છે તે પ્રસંગ સંપાદકે મૂક્યો છે એ જ રીતે દુહાઓના ભાવાર્થ પણ પાદટીપમાં આપ્યા છે.

કહેવતસંગ્રહમાં જે દુહા આપ્યા છે તેમાં સંપાદકની સૂઝ કે સમજશક્તિનાં કોઈ દર્શન થતાં નથી. જે દુહાઓ મળ્યા તે સીધા જ ભાવક સામે મૂકી આપ્યા. હિન્દી દુહાઓ કે લોકદુહાઓ એવા કોઈ પણ વર્ગીકરણ વગર જ દુહાઓ મૂક્યા છે. ગુજરાતી લોકદુહાઓ કરતાં હિન્દી કવિઓના દુહા વધારે પ્રમાણમાં છે ત્યારે તે પુસ્તક માટે એટલું જ કહી શકાય કે સંપાદકને જે મળ્યું તે ભાવક સમક્ષ મૂકવાનો આનંદ વ્યક્ત કર્યો છે.

(૫) સોરઠી દુહાઓની રમઝટ

સંપાદક : ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા અને મેરુભાઈ ગઢવી
પ્રકાશન-વર્ષ - ઈ.સ.૧૯૬૮ (બીજી આવૃત્તિ)

'સોરઠી દુહાઓની રમઝટ' ભાગ -૧ : '૫૦૦ દુહાઓની રમઝટ', ભાગ - ૨ : 'કાઠિયાવાડી દુહા', ભાગ - ૩ : '૧૦૦ સોરઠિયા દુહા' એમ કુલ ત્રણ ભાગમાં ૭૦૦ દુહાઓનું સંપાદન કર્યું છે. પ્રથમ ૫૦૦ દુહાઓ સંપાદકે સ્પષ્ટતા કરી છે તેમ, 'બે દુહાગીર એકબીજાની સામે દુહાની રમઝટ જમાવી શકે તેવી જાતના સામસામે બોલવાના દુહાઓનો સંગ્રહ.' બીજા ભાગમાં ૧૦૦ દુહાઓ રસાસ્વાદ સાથે મૂક્યા છે. ત્રીજા ભાગમાં ૧૦૦ સોરઠાઓ રસાસ્વાદ સાથે મૂક્યા છે. પણ ઉલ્લેખનીય એ છે કે આગળના ૫૦૦ દુહાઓમાંથી બીજા અને ત્રીજા ભાગના ૧૦૦ દુહાઓ પસંદ કર્યા છે.

પ્રસ્તુત પુસ્તકમાં સંપાદકનો ઉદ્દેશ દુહાને ડાયરાની રીતે મૂકવાનો છે. દુહો લોકસમુદાયમાં ફરતો હોવાથી તેનું સ્થાન ડાયરામાં હતું. એમાં પણ જ્યારે વર્તમાન સમય જેટલાં મનોરંજનનાં

સાધનો ન હતાં ત્યારે લોકો કથાઓ સાંભળતા અને એમાં લોકોને ઉપદેશ આપવા માટે કથાકાર વચ્ચે વચ્ચે સુભાષિત ગૂંથતો તે મોટા ભાગે દુહાઓમાં રહેતા. આ પરંપરા તો આપણે દલપતરામ સુધી જોઈ શકીએ છીએ.

મેળા કે સામાજિક પ્રસંગોએ ડાયરો મળતો ત્યારે મનોરંજન માટે સામસામે દુહાઓ બોલાતા કોઈ એક કવિ દુહો બોલે એટલે એના જવાબમાં બીજો કવિ એ જ ભાવનો દુહો લલકારતો. મેઘાણીએ પોતાના લોકસાહિત્ય સંપાદનના અનુભવમાં લખ્યું છે, 'ભવનાથના મેળામાં સામસામે દુહાઓની હરીફાઈ થતી.' આ પરંપરા તો ખૂબ જ જૂની છે તેનો પુરાવો 'વસંતવિલાસ' ફાગુમાં મળે છે. વસંતવિલાસકારે એક દુહો અપભ્રંશ અને તેવા જ અર્થવાળો સંસ્કૃત શ્લોક એની સામે મૂક્યો છે. 'સોરઠી દુહાની રમઝટ'માં આ પરંપરાને જીવંત રાખવાનો પ્રયાસ સંપાદકે કર્યો છે.

પુસ્તકની અંદર કુલ સાતસો દુહાઓનું સંપાદન કર્યું છે. પ્રથમ ભાગમાં ૫૦૦ દુહાઓ ડાયરાશૈલીમાં સમાન ભાવના સામસામે બોલવાની રીતે મૂક્યા છે. બીજા ભાગમાં ૧૦૦ દુહાઓ રસાસ્વાદ સાથે અને ત્રીજા ભાગમાં ૧૦૦ સોરઠાઓ રસાસ્વાદ સાથે કવિએ મૂક્યા છે. ભાગ બીજા અને ત્રીજાના દુહાઓનો સમાવેશ તો આગળના ૫૦૦ દુહાઓમાં થઈ ગયો છે. વધારેમાં તો અહીં રસાસ્વાદને ગણી શકાય.

પુસ્તકના પ્રારંભે ગોકુલદાસ રાયચુરા દ્વારા આઠ પેજમાં પ્રસ્તાવના લખવામાં આવી છે. તેમાં પુસ્તક લખવાની પ્રેરણા ક્યાંથી મળી, દુહાનું પ્રાપ્યસ્થાન કયું તેનો જવાબ આ રીતે આપે છે, 'સોરઠમાં સાગરકાંઠે પોરબંદર રાજ્યનું માધવપુર નામે ગામ છે. ત્યાં ચૈત્ર સુદ ૯થી ૧૨ સુધી લોકવર્ગનો મોટો મેળો ભરાય છે. આ મેળામાં મુખ્યત્વે મેર જાતિ આવે છે. એ મેળો માધવરાયજીના-શ્રીકૃષ્ણના રુક્ષ્મણી સાથે લગ્નપ્રસંગનો હોઈ એમાં ધાર્મિક સંસ્કારનું વાતાવરણ જામે છે. એ એની વિશિષ્ટતા છે. મેળા પ્રસંગે ત્યાં રાતોની રાતો જે દુહાની રમઝટ જામે છે એ સર્વ જૂની લોકકથાઓને જીવતી કરી દે છે.' આગળ આ જ કથાઓના દુહા જેમાં સોન-હલામણ, સોન-રાખાયત, શેણી-વિજાણંદ, હોથલ પદમણી, લાખણશી ને ગોરલ, દેવરો, વીકોઈ ને કમો, બાનરો,

ઢોલા-મારુ, ઉમર ને મારવીની કથાઓનો એક દુહો મૂક્યો છે. એ સાથે દુહાના ત્રણ પ્રકારો દુહો, સોરઠિયો, મધ્યમેળ અને દોઢિયા દુહાની સમજૂતી આપી છે.

જોકે સંપાદકનો પુસ્તક લખવા પાછળનો કોઈ શાસ્ત્રીય ઈરાદો નથી. તેને દુહાના મૂળ કે કુળ, શબ્દભેદ કે પાઠભેદ તપાસવા નથી, પણ ' પચ્ચીસ ભાષણો અથવા પચાસ નિબંધો જે અસર ન કરી શકે તે અસર આ પ્રકારના લોકશિક્ષણના દુહાની રમઝટ જામતાં જનસમૂહ પર થાય છે.' આ ઉદ્દેશ સાથે સંપાદકોએ પુસ્તક ભાવક સમક્ષ મૂક્યું છે અને એ ઉદ્દેશ ઘણે અંશે સિદ્ધ પણ થયો છે.

લોકસાહિત્યની રજૂઆતની ટેકનિકની જ્યારે વાત કરીએ ત્યારે 'સોરઠી દુહાની રમઝટ'ને ક્યારેય ભૂલી શકાય તેમ નથી.

<u>(૫) દુહો દસમો વેદ</u>

સંપાદક - જયમલ્લ પરમાર
પ્રકાશન-વર્ષ - ૨૦૦૪

ગુજરાતી લોકસાહિત્યમાં દુહાનાં એક કરતાં અનેક સંપાદનો થયાં છે. ક્યારેક દુહાઓ લોકવાર્તાના પ્રાણ તરીકે વાર્તાઓમાં વચ્ચે વચ્ચે ગૂંથવામાં આવતા તો ક્યારેક દુહાબદ્ધ ગીતકથાઓ પણ મળતી રહી છે. તો એની સાથે નગદ (સંપૂર્ણ) દુહાનાં પુસ્તકો કહેવાય એવાં સંપાદનો પણ પ્રાપ્ત થતાં રહ્યાં છે. એમાં સૌથી અગત્યનું સંપાદન આપણે જયમલ્લ પરમાર પાસેથી 'દુહો દસમો' ૨૦૦૪માં મળે છે. એનો ઈતિહાસ પણ તપાસવા જેવો છે. ગુજરાતી લોકસાહિત્ય સંપાદનમાં 'ઊર્મિ નવરચના' સામાયિકનો ફાળો સારો એવો રહ્યો છે. ૧૯૩૦ના એપ્રિલમાં કરાચીથી 'ઊર્મિ' નામનું સામાયિક શરૂ થયું, ગુજરાતમાં આવ્યું, 'નવરચના' સાથે જોડાયું. ઈ.સ.૧૯૪૫થી મેઘાણીના લેખો 'ઊર્મિ નવરચના'માં પ્રગટ થવા લાગ્યા. ઈ.સ.૧૯૬૭થી જયમલ્લ પરમારે 'ઊર્મિ નવરચના'નું સંપાદન સંભાળ્યું ત્યારથી તેનો ઝોક લોકસાહિત્ય તરફ વિશેષ રહ્યો. 'ઊર્મિ નવરચના'નો આયુષ્યકાળ ૬૧ વર્ષનો, છેલ્લા અંક પરનો ક્રમાંક ૭૩૨ હતો. આટલી લાંબી સફરમાં 'ઊર્મિ

નવરચના' ભાષા, બોલી, સાહિત્ય, સંસ્કાર, ઈતિહાસ, ધર્મ, તત્ત્વજ્ઞાન, પુરાતત્ત્વ, સંસ્કૃતિ, વિવિધ કલાઓ, લોકસંસ્કૃતિ, લોકસાહિત્ય, લોકસંગીત, લોકનૃત્યો, લોકનાટક, લોકગીત, લગ્નગીતો, શિલાલેખો, પાળિયાઓ, હસ્તપ્રતોમાં દટાયેલી સામગ્રી, લોકકંઠે સચવાયેલી લોકવિદ્યાના અંશો, સતી, શૂરા, સંતોનાં ચરિત્રો, ઐતિહાસિક તથ્યો, સમકાલીન સાંસ્કૃતિક જીવન પ્રવાહો એમ લોકસંસ્કૃતિ, લોકજીવન, લોકસાહિત્યનાં અનેકવિધ પાસાં ઉપર તલસ્પર્શી અભ્યાસપૂર્ણ સંશોધન, અધ્યયન કરતું આગવું સામાયિક બની ગયું હતું.

જયમલ્લ પરમારે 'ઊર્મિ નવરચના'ને ૨૪ વર્ષ સંભાળ્યું. આ સમયગાળા દરમ્યાન આપણને જુદા જુદા વિષયના જે વિશેષાંકો મળ્યા - લોકવાર્તા અંક, લોકસાહિત્ય અંક, સિંહ અંક, અશ્વ અંક, ભરતકંડાર અંક, નારી અંક, નદી અંક, ધર્મ સાધના અંક, ખાંભી-પાળિયા અંક, દુહા અંક, વનપ્રવેશ અંક, સંત સાહિત્ય અંક જેવા ૧૮ વિશેષાંકો મળ્યા.

ઈ.સ. ૧૯૭૮નો ઓક્ટોબર-નવેમ્બરનો સંયુક્ત અંક 'દુહો દસમો વેદ' પ્રગટ થયો. દુહાને ચોતરફથી કંડારવાનો પ્રયાસ આ અંકે કર્યો. 'ઊર્મિ નવરચના'ના ૧૮૬૭થી ૧૯૯૧ સુધીનાં ૨૪ વર્ષો દરમ્યાન પ્રસિદ્ધ થયેલી સામગ્રીનું સંપાદન - સંમાર્જન અને વર્ગીકરણ કરીને પુસ્તક રૂપે મૂકવાની કામગીરી શરૂ થઈ તેના ફળ સ્વરૂપ ૧૯૯૨થી ૨૦૦૪ સુધીમાં ૩૩ પુસ્તકોનું પ્રકાશન થયું. તેમાં ૩૩મું પુસ્તક એટલે 'દુહો દસમો વેદ'. એ રીતે જોતાં 'દુહો દશમો વેદ' 'ઊર્મિ નવરચના'ની દેણ ગણી શકાય.

'દુહો દશમો વેદ'ના સંપાદન માટે જેટલી જવાબદારી જયમલ્લ પરમારે ઉઠાવી એટલી જ જવાબદારી રાજુલ દવેએ સંકલન માટે ઉઠાવી છે. પુસ્તક પ્રગટ થયું છે પ્રવીણ પુસ્તક ભંડાર રાજકોટમાંથી. પાકા પૂંઠામાં, ડેમી સાઈઝમાં ૭૦૪ પેજમાં, ૪૧૦૦ જેટલા દુહાઓનું સંકલન થયું છે. મુખપૃષ્ઠ પર મુકાયેલ દુહાગીરનું ચિત્ર પુસ્તકના ભાવાર્થને ઉપસાવી આપે છે. ઢોલિયા પર હાથમાં હોકો લઈને બેઠેલો દુહાગીર અને તેને હોંકારો આપતા અને બિરદાવતા ડાયરાનું ચિત્ર પુસ્તકના ભાવાર્થ સુધી આપણને લઈ જાય છે. પુસ્તક ખોલતાં જયમલ્લ પરમારની કલમે લખાયેલો

દુહાનો મિતભાષી પરિચય મળે છે. ત્યાર પછી નરોત્તમ પલાણ અને નિરંજન રાજ્યગુરુના અભિવાદન પત્રો મૂક્યા છે. 'દુહા વિશેનો લઘુ વિશ્વકોષ' અંતર્ગત કે.કા. શાસ્ત્રી, અનંતરાય રાવળ, હીરાબેન પાઠક, જશવંત શેખડીવાલા, દુલેરાય કારાણી, ખોડીદાસ પરમાર, જોરાવરસિંહ જાદવ, ભોગીલાલ સાંડેસરા જેવા બહુશ્રુત વિદ્વાનોની કલમે લખાયેલા અભિવાદન પત્રો મુકાયેલા છે.

૧૦૫ પ્રકરણોમાં ૪૧૦૦ દુહાઓ અને ૭૫ છકડિયા પુસ્તકમાં સંગ્રહાયા છે. 'દુહો દશમો વેદ'ના અભ્યાસની સરળતા ખાતર તેની સામગ્રીને નીચે પ્રમાણે વિભાજિત કરી શકાયઃ

(૧) દુહાના સ્વરૂપની સમક્ષા કરતા સમીક્ષાત્મક લેખો

(૨) દુહાની અન્ય સામગ્રી સાથે નિકટતાની સમીક્ષા કરતા અભ્યાસલેખો

(૩) વ્યક્તિ વિશેના દુહાઓ

(૪) માનવજીવનના દુહાઓ

(૫) પ્રકૃતિજગતના દુહાઓ

પ્રસ્તુત મુદ્દા વિશે વિગતે વિચાર કરીએ.

(૧) દુહાના સ્વરૂપની સમીક્ષા કરતા સમીક્ષાત્મક લેખોઃ

'ગુજરાતનું દુહા સાહિત્ય', 'લોકસાહિત્યમાં દુહો', 'દુહાનાં મૂળ', 'દોહા સાહિત્યની પ્રાચીન પરંપરા' આ ચાર લેખોમાં દુહાના સ્વરૂપને કંડારવાનો પ્રયત્ન થયો છે. 'લોકસાહિત્યમાં દુહો' - જયમલ્લ પરમાર, 'દુહાનાં મૂળ' - કે.કા. શાસ્ત્રી, 'દોહા સાહિત્યની પ્રાચીન પરંપરા' - હરિવલ્લભ ભાયાણી આ ત્રણેય અભ્યાસલેખોમાં દુહાની વ્યુત્પત્તિને તપાસવાનો પ્રયાસ થયો છે. 'લોકસાહિત્યમાં દુહો' - લેખમાં જયમલ્લ પરમારે દુહાના ભાવ પ્રમાણે પ્રકારો બતાવ્યા છે. 'ગુજરાતી ચારણી સાહિત્યમાં દુહાઃ પ્રકાર, રસ અને અલંકાર'માં રતુદાન રોહડિયાએ દુહાના પ્રકારોની સદૃષ્ટાંત સમીક્ષા કરી છે. 'દુહો દસમો વેદ'માં દુહાના સ્વરૂપની સમીક્ષા કરતા આ

ચાર લેખો આપણને પ્રાપ્ત થાય છે. 'પ્રાચીન ગુજરાતી દુહા' - ભોગીલાલ સાંડેસરાનો લેખ તો સાવ આડે રસ્તે જ ચડી ગયેલો લાગે એ થોડી નિરાશ કરે એવી બાબત પણ ખરી.

(૨) દુહાની અન્ય સામગ્રી સાથે નિકટતાની સમીક્ષા કરતા અભ્યાસલેખો :

કોઈ એક સાહિત્યસ્વરૂપ અંગેનો જ્યારે વિશેષાંક તૈયાર થતો હોય ત્યારે આપણી એવી અપેક્ષા રહે કે જે વિષયને તપાસવાનો હોય તેની આસપાસનું સુંદર નકશીકામ કરવામાં આવે, જેથી કરીને એક સંપૂર્ણ સંદર્ભગ્રંથ આપણેને પ્રાપ્ત થાય. 'દુહો દસમો વેદ'માં આપણી આવી અપેક્ષા સંતોષાતી નથી. દુહા જેવા સાહિત્યસ્વરૂપને સાહિત્યનાં અન્ય માધ્યમો સાથે તપાસવામાં આવ્યો નથી. 'ગુજરાતી ચારણી સાહિત્યમાં દુહાઃ પ્રકાર, રસ અને અલંકાર', 'ગુજરાતી કવિતામાં દુહોઃ શિલ્પ અને સર્જન', 'દુહામાં પ્રદેશ લક્ષણો', 'દુહામાં ગુજરાતના પરંપરાગત પ્રદેશો' આ લેખોમાં દુહાને અન્ય સ્વરૂપો સાથે તપાસવાનો પ્રયત્ન થયો છે.

આ સિવાય દુહામાં અલંકાર, રસ, ધ્વનિ, વક્રોક્તિ, કલ્પન, પુરાકલ્પન, પ્રતીક, દુહાનું શબ્દભંડોળ જેવા મુદ્દા પર સારું એવું કામ થઈ શક્યું હોત પણ એવું કશું જ આપણને 'દુહો દશમો વેદ'માં પ્રાપ્ત થતું નથી એ 'દુહો દસમો વેદ'ની મર્યાદા ગણી શકાય.

(૩) વ્યક્તિ વિશેના દુહાઓ :

'દુહો દસમો વેદ'માં વ્યક્તિ વિશેના દુહા મોટા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. જેમ કે દાદવાના દુહા, લાખા ફુલાણીના દુહા, મેનાજીની સાખીઓ, મેહ અને ઊજળીના અપ્રગટ દુહા, ઢોલા-મારુના, બાનરાના અને અન્ય, દુહા શામળાના, વિંઝરાના દુહા, આણંદ-કરમાણંદના દુહા, નાગડાના દુહા વગેરે જે તે વ્યક્તિ વિશેના દુહાઓ પ્રાપ્ત થાય છે.

(૪) માનવજીવનના દુહાઓ :

'દુહો દસમો વેદ'માં જીવનનાં અનેક પાસાંને સ્પર્શતા દુહાઓ મળે છે. માનવજીવનની પ્રત્યેક ક્ષણોને દુહાએ પોતામાં સમાવી છે. જીવનનો એક પણ ખૂણો એવો નથી જેમાં દુહાએ અજવાળું ન પાથર્યું હોય. વિધિના હાથે વિખાઈ જતા માનવજીવન પર દુહાએ આંસુ સાર્યાં છે તો મનની અદ્ભુત કલ્પનાઓને પણ દુહાએ પોતાનામાં સમાવી છે. 'દુહો દસમો વેદ'માં જીવનના તમામ અંશોના દુહાઓ મળે છે, જેમ કે દુહા નીતિ અને અનીતિના, બોધના દુહા, દુહા પ્રણયના, વિષાદ અને વિરહના દુહા, જીવન અને મૃત્યુના દુહા, જોબન અને જરાના દુહા, દુહામાં નારી, ખાંભી પાળિયાના દુહા, દુહા માનવસ્વભાવના, દુહા જીવનના રંગના, વીરરસના દુહા, ગૂઢાર્થના દુહા જેવાં પ્રકરણો અંતર્ગત મળે છે.

(૫) પ્રકૃતિજગતના દુહાઓ :

આપણી આસપાસની પ્રકૃતિ હંમેશા આપણા આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. એનાં રુદ્ર અને રમ્ય સ્વરૂપોને ક્યાંક ઈશ્વરીય સંકેત સુધી આપણે લઈ જઈએ છે. મનુષ્યની આંખોએ જ્યાં સૌંદર્ય અનુભૂતિ કરી તેને પોતાના ચિત્તમાં હંમેશા સાચવી રાખવાનો પ્રયત્ન કર્યો છે. વહેતી નદી, વરસતો વરસાદ, ચમકતી વીજળી, વાદળ સાથે વાતો કરતો પર્વત, ઊડતું પંખી, દોડતું હરણ, ત્રાડ પાડતો સિંહ, ટહુકા કરતો મોર આ તમામ સજીવ અને નિર્જીવ તત્ત્વો માણસને હંમેશા પોતાના તરફ આકર્ષિત કરતાં રહ્યાં છે. સંવેદનશીલ માનવહૃદયે પણ તેને પોતાની કવિતામાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે.

દુહાઓમાં પણ આ સૌંદર્યનો ભંડાર ભર્યો છે. 'દુહો દસમો વેદ'માં પણ આ સૌંદર્યનો ભંડાર ભરેલો પડ્યો છે. દુહા વર્ષાઋતુના, દુહા દુકાળના, દુહામાં સિંહ, દુહામાં અશ્વ, દુહામાં પક્ષીલક્ષણ, દુહામાં નદીઓ જેવા લેખો અંતર્ગત પ્રકૃતિજગતના દુહા મુકાયેલા છે.

દુહો દસમો વેદ' દ્વારા જયમલ્લ પરમારે ૪૧૦૦ દુહા અને ૩૬ છકડિયા જેવો વિશાળ ભંડાર ભાવક સામે મૂકી આપ્યો એ આપણા લોકસાહિત્યની અમૂલ્ય સેવા ગણી શકાય. ૭૦૪

પેજમાં આ પ્રાપ્ત દુહાઓ કોઈ નાનુંસૂનું કામ નથી. એક વ્યક્તિ આખી જિંદગી ખરચી નાખે તો પણ કદાચ આટલું સાહિત્ય એકઠું ન કરી શકે એ નિર્વિવાદ સત્ય છે. એક અભ્યાસી તરીકે જ્યારે 'દુહો દસમો વેદ' પુસ્તકમાંથી આપણે પસાર થઈએ ત્યારે પુસ્તકની મર્યાદાઓ પણ આપણી નજરમાં આવ્યા વગર રહેતી નથી જેમ કે,

- ❖ દુહાના ઐતિહાસિક તપાસ અંગેના એટલે કે દુહાનાં મૂળ અને કુળ વિશેના લેખોની સંખ્યા મર્યાદિત છે.
- ❖ દુહાને સાહિત્યનાં અન્ય માધ્યમો સાથે તપાસવાનો ઉપક્રમ જણાતો નથી. દુહાને જો રસ, ધ્વનિ, અલંકાર, વક્રોક્તિ, કલ્પન, પુરાકલ્પન, પ્રતીક સાથે તપાસવાનો પ્રયત્ન કર્યો હોત તો 'દુહો દસમો વેદ' ખરેખર 'દસમો વેદ' બની રહેત.
- ❖ અમુક લેખો સાવ બિનજરૂરી જણાય છે. દા.ત., 'દુહો દસમો વેદ' મકરંદ દવેનો લેખ, 'દુહામાં ઈતિહાસનું પગેરું' - જયમલ્લ પરમાર, 'મરશિયા' - રાજુલ દવે, ચૂડ વિજોગણની ભૂતકથાના છકડિયા' - જયમલ્લ પરમાર વગેરે લેખોની ઉપકારકતા કેટલી એ પણ એક પ્રશ્ન ખરો !
- ❖ રાજુલ દવે એમ કહે, દુહાનું પુનરાવર્તન ટાળવાનો પ્રયત્ન કર્યો છે પણ ખરેખર પુનરાવર્તન તો થયું જ છે. જેમ કે, 'મેહ અને ઊજળીના દુહા' વરસાદના દુહામાં મુકાયા છે.
- ❖ મેહ અને ઊજળી, આણંદ-કરમાણંદ, શામળો, નાગદે-નાગવાળો, ઢોલા-મારુ, લાખા ફુલાણીના દુહા, ચૂડ વિજોગણના દુહા 'સોરઠી ગીતકથાઓ'માં મેઘાણીએ આપ્યા જ છે, તો ફરી પુનરાવર્તન કરવાનો અર્થ શું ? પુનરાવર્તનમાં પણ કોઈ તાર્કિકતા જણાતી નથી.
- ❖ દુહાના પાઠભેદ, પાઠાંતરો વિશે તો ક્યાંય માહિતી મળતી જ નથી. જે કામ મેઘાણીએ ગીતકથાઓમાં કર્યું તેવું અહીં તો ક્યાંય મળતું જ નથી.

આટલી બાબતોની તપાસ પછી 'દુહો દસમો વેદ' વિશે આટલું કહી શકાય કે, 'દુહો દસમો વેદ'માં દુહા વિશેની કાચી સામગ્રી વિપુલ પ્રમાણમાં છે પણ તેમાં વૈજ્ઞાનિક સંશોધનનો પૂરો અભાવ છે. એટલે 'દુહો દસમો વેદ' દુહાના સંદર્ભગ્રંથ કરતાં સંગ્રહગ્રંથ વિશેષ લાગે છે.''

પ્રસ્તુત પ્રકરણમાં ગુજરાતી લોકસાહિત્યની સંપાદનયાત્રા, લોકદુહાઓનાં સંપાદનો અને સંદર્ભ પુસ્તકોનો વિગતે પરિચય મેળવ્યો. પ્રકરણ ત્રણમાં દુહાને શિષ્ટ સાહિત્યના માધ્યમમાં તપાસવાનો ઉપક્રમ છે, જેમાં દુહામાં રસ, અલંકાર, ધ્વનિ, વક્રોક્તિ, પ્રતીક, કલ્પન, પુરાકલ્પન અને શબ્દભંડોળના આધારે તપાસવાનો ઉપક્રમ છે.

સંદર્ભ સૂચિ પ્રકરણ - ૦૨

(૧) લોકવાઙ્મય - કનુભાઈ જાની, પૃષ્ઠ ૪૬

(૨) લોકસાહિત્યનું સમાલોચન - ઝવેરચંદ મેઘાણી, પૃષ્ઠ ૨૩૬-૩૭

(૩) દુહો દસમો વેદ - જયમલ્લ પરમાર, પૃષ્ઠ ૩૧-૩૨